GJPM050018142023

કે

| | |
|---|---|
| કેસ દાખલ થયા તારીખ. : | ૦૭/૧૨/૨૦૨૩ |
| કેસ રજી. લીધા તારીખ. : | ૦૭/૧૨/૨૦૨૩ |
| કેસ ફેંસલ થયા તારીખ. : | ૩૦/૦૪/૨૦૨૬ |
| સમયગાળો. : | વર્ષ માસ દિવસ |

**********************************************************************

**શહેરાના મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મું. શહેરા.**

**********************************************************************

**રે.દિ.મુ. નંબર:–૧૨૪/૨૦૨૩**
**આંક :–**

**વાદીઓ ::–**

(૧) ગોપાળભાઈ કુલાભાઈ બારીઆ
ઉ.વ. ૬૯, ધંધો : ખેતી.
(૨) ભીમસીંગભાઈ કુલાભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૩) અર્જુનભાઈ હરિભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૪) ભારતભાઈ ભાથીભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
તમામ રહે. મુ. વાઘજીપુર,
તા. શહેરા, જિ. પંચમહાલ.

**:: વિરૂધ્ધ ::**

**પ્રતિવાદીઓ ::–**

(૧) મણીબેન ધીરાભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.

(૨) બાધરસિંહ કલાભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૩) રતનસિંહ કલાભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૪) પર્વતસિંહ આમીદભાઈ ધીરાભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૫) જુવાનસિંહ આમીદભાઈ ધીરાભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૬) ભૂપતસિંહ આમીદભાઈ ધીરાભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૭) રજલીબેન તે આમીદભાઈની વિધવા, ગુજરી.
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૮) શાંતાબેન તે આમીદભાઈની વિધવા.
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૯) રમણભાઈ નાથાભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૧૦) મંગળીબેન તે નાથાભાઈ ધીરાભાઈની બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૧૧) દિનેશભાઈ નાથાભાઈ ધીરાભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૧૨) રમેશભાઈ જેસીંગભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૧૩) પાર્વતીબેન જેસીંગભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
(૧૪) ગણપતભાઈ જેસીંગભાઈ બારીઆ
ઉ.વ. પુખ્ત, ધંધો : ખેતી.
તમામ રહે. મુ. વાઘજીપુર,
તા. શહેરા, જિ. પંચમહાલ.

**દાવો ::–રૂા.૧,૦૦૦/–ના આંકથી ડેકલેરેશન તથા જાથુના મનાઈ હુકમની દાદ માટેનો.**

**:: વાદીઓ તરફે વિ.વકીલ શ્રી જે.કે. શાહ ::**
**:: પ્રતિવાદીઓ તરફે વિ.વકીલ શ્રી એસ.એસ. તડવી::**

## :: ઠરાવ ::

**(૧)** આ કામના વાદીઓના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે, ડીસ્ટ્રીકટ પંચમહાલના સબ ડીસ્ટ્રીકટ શહેરા તાલુકાના મોજે ગામ. વાઘજીપુર ગામે આવેલ ખેતીની જમીન કે જેનો ખાતા નંબર.૨૭૪ રેવન્યુ સર્વે નંબર.૨૯૩/૨ ક્ષેત્રફળ ૩-૧૯-૭૦ હેકટર-આરે-ચો.મી.અને ખરાબો ૦-૧૨-૧૪ હેકટર-આરે-ચો.મી એમ મળી કુલ રૂા.૩-૩૧-૮૪ હેકટર-આરે-ચો.મી. જેનો આકાર રૂા.૪.૫૦ પૈસા વાળી જમીન અમો વાદીઓ તથા પ્રતિવાદી નં.૧ થી ૧૪ નાઓના પિતાશ્રીઓએ ભેગા મળીને (૧) વ્હોરા કીકાભાઈ બદરૂદ્દીન (૨) અબ્દુલ હુસેન બદરૂદ્દીન (૩) નોમાનભાઈ બદરૂદ્દીન તથા (૪) હાજરાબાઈ બદરૂદ્દીન પાસેથી તા.૫/૨/૧૯૫૨ ના રોજ રૂા.૩,૫૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો પુરા)ની કિંમતનો અવેજ ચૂકવીને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ.

**(૧.૧)** સદર જમીન વેચાણ રાખવા માટે અમો વાદીઓ તથા પ્રતિવાદીઓ નં.૧ થી ૧૪ ના પિતાશ્રીઓ એટલે કે (૧) ધીરાભાઈ રણછોડભાઈ (૨) અભેસીંગ રણછોડભાઈ (૩) કુલાભાઈ રણછોડભાઈ (૪) હરીભાઈ રણછોડભાઈ (૫) હિરાભાઈ રણછોડભાઈ તથા (૬) ભાથીભાઈ રણછોડભાઈ નાઓએ ભેગા મળીને સરખે હિસ્સે નાણાં એકઠા કરીને રાખેલા. પરંતુ અમારા કુટુંબમાં સૌથી મોટા ધીરાભાઈ રણછોડભાઈ બારીઆ હોવાથી જેતે વખતે કુટુંબના વડા તરીકે તેઓના એકલાના નામથી દસ્તાવેજ કરાવેલો. જેની નોંધ રેવન્યુ રેકર્ડે નોંધ નં.૧૪૪ થી પડેલી છે. પરંતુ જમીન વેચાણ રાખી ત્યારથી આ તમામ ભાઈઓ સરખે હિસ્સે જમીનના ભાગ પાડી સ્થળ ઉપર ખેતી કરતા હતા અને તેની ઉપજ લેતા હતા.

**(૧.૨)** વળી, જમીનમાં જેતે સમયથી હરીભાઈ રણછોડભાઈ તથા ભાથીભાઈ રણછોડભાઈ નાઓએ પોતાના હિસ્સાવાળી જમીનમાં મકાનો બનાવેલા છે. સદર

મકાનોમાં અત્યારે તેઓના વારસો તરીકે વાદી નં.૩ તથા ૭ નાઓ રહે છે. તદ્‌ઉપરાંત જમીન વેચાણ રાખ્યા બાદ સદર જમીનમાં એક સહિયારો કુવો પણ બનાવવામાં આવેલ છે. સદર કુવામાં અંદરની બાજુએ એક તકતી સ્વરૂપે લખાણ કરેલ છે. જેમાં પણ ઉપરોકત તમામ ભાઈઓના નામો કોતરાવેલ છે. જે હાલમાં પણ મોજુદ છે અને સમગ્ર જમીનમાં રીતસરના દરેક ભાઈઓના ભાગ પાડેલા છે. જે દર્શાવતા પાળા બાંધેલા છે તેમાં હાલમાં અમો વાદીઓ તથા પ્રતિવાદીઓ પોત પોતાના હિસ્સામાં ખેતી કરીએ છીએ અને ઉપજ લઈએ છીએ. આમ, સદર જમીનમાં અમો વાદીઓ તથા પ્રતિવાદીઓના બાપ–દાદાનો માલીકી હકક તથા ખેડ હકક આવેલો છે. જેના ચાર ખૂંટની વિગત નીચે પ્રમાણે છે.

પૂર્વ : બાધર તીતા, કલ્યાણ તીતાની જમીનની હદવારે.

પશ્ચિમે : મંજીભાઈ માનસિંહની જમીનની હદવારે.

ઉત્તરે : પ્રતાપ લક્ષ્મણની જમીનની હદવારે.

દક્ષિણે : લક્ષ્મણ કાનજીની જમીનની હદવારે.

સંબોધનની સગવડતા ખાતર હવે પછી હાલના દાવામાં આ જમીનને દાવા વાળી જમીન તરીકે ઉલ્લેખવામાં આવશે.

**(૧.૩)** દાવાવાળી જમીન ઉપર જણાવ્યા પ્રમાણે કુટુંબના વડા તરીકે ધીરાભાઈ રણછોડભાઈ બારીઆના નામે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવ્યો હોવાના કારણ સર તેઓ ગુજરી જતા નોંધ નં.૧૬૬૫ થી તા.૨૮/૦૧/૧૯૯૪ ના રોજ માત્ર ધીરાભાઈ રણછોડભાઈના વારસોએ તેઓ એકલાના નામો વારસાઈ હકકે ચઢાવી દીધેલા એટલુ જ નહિં પરંતુ દાવાવાળી જમીનના તેઓ એકલાજ (પ્રતિવાદીઓ નં. ૧ થી ૧૪) માલીક છે અને તેઓના જ જાત ખેડ હકકમાં પૂરેપુરી જમીન આવેલ છે, તેમાં બીજા કોઈનો (વાદીઓનો) કોઈ લાગભાગ હકક હિસ્સો છે નહિં, તેવી દાદ

માંગતો એક દાવો શહેરાના મહેરબાન પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં રેગ્યુલર મુ.નં.૬/૨૦૧૦ નો દાખલ કરેલો.

**(૧.૪)** સદર દાવો સમગ્ર રીતે શહેરા કોર્ટમાં ચાલી જતા નામદાર શહેરા કોર્ટે તા.૨૬/૦૪/૨૦૧૯ ના રાજ દાવામાં આખરી ચુકાદો આપી ''વાદીઓનો દાવો નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે,'' તેવો હુકમ ફરમાવ્યો છે કે, જેના ઉપર હાલના પ્રતિવાદીઓએ કોઈજ અપીલ કોઈજ કોર્ટમાં કરવામાં આવેલ નથી તે જાહેર કરીએ છીએ. જેથી સદરહુ ચુકાદાની નોંધ પ્રતિવાદી નં.૧૫ મહેરબાન મામલતદાર શ્રી શહેરાની કચેરીએ સદરહુ રેવન્યુ રેકર્ડ ઉપર નોંધ નં.૩૯૮૬ થી તા.૬/૬/૨૦૨૨ ના રોજ પાડવામાં આવેલ જે પ્રમાણિત કરવામાં આવેલ છે. રેગ્યુલર મુકદૃમા નં. ૦૬/૨૦૧૦ ના સિવિલ કોર્ટના હુકમના આધારે જયારે હાલના પ્રતિવાદીઓનો દાવો ''નામંજુર'' કરવામાં આવ્યો હોવાથી અમો હાલના વાદીઓએ પ્રતિવાદીઓને અમો વાદીઓના પિતાશ્રીઓના નામો માલીકી હકકે તથા ખેડ હકકે ચઢાવી આપવા માટે અનેકવાર વિનંતીઓ કરેલી, પરંતુ પ્રતિવાદીઓ આ અંગે કોઈ ગણકારતા નથી અને કાયમ માટે એકજ જવાબ આપે છે કે તમે લોકો જેમ જમીન ખેડતા હોય તેમ ખેડી ખાવ. નામો દાખલ કરવાની વાત કરશો નહિં. નહિંતર જમીનમાં પેસવા પણ દઈશું નહિં અને હાથપગ ભાંગી નાખીશું. અમારા નામો દાવાવાળી જમીનમાં દાખલ નહિં થતા હોવાથી અમો જમીન ઉપર ખેતીની લોન લઈ શકતા નથી. તેમજ સરકાર શ્રી દ્વારા જે કાંઈ લાભો મળવાપાત્ર છે તેનાથી અમો વંચિત રહી જઈએ છીએ. અમો પક્ષકારોનુ પેઢીનામુ પરિશિષ્ટ –''અ'' થી આ સાથે સામેલ છે.

**(૧.૫)** દાવાના કારણમાં જણાવે છે કે, શહેરા સીવીલ કોર્ટના રેગ્યુલર મુકદૃમા નં. ૦૬/૨૦૧૦ માં નામદાર કોર્ટે પ્રતિવાદીઓનો દાવો નામંજુર કર્યો ત્યારબાદ તે જજમેન્ટના આધારે અમો વાદીઓએ પ્રતિવાદીઓને અમારા નામો દાખલ કરાવવા

માટે વિનંતીઓ કરી અને છેલ્લે છેલ્લે આજથી એક માસ અગાઉ અમોને ''જેમ ખેડી ખાવ છો તેમ ખેડી ખાવ નહિં તો જમીનમાં પેસવા દઈશું નહિં અને હાથ–પગ ભાંગી નાખીશું તેવી ધમકીઓ આપી તેમ તેમ અને ત્યારથી દાવાનુ કારણ નામદાર કોર્ટની હકુમતમાં ઉપસ્થિત થયેલ છે.

**(૧.૬)** સબબ અરજ કરી દાદ માંગવાની કે, (અ) મોજે ગામ. વાઘજીપુર, તા. શહેરાની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નંબર.૨૯૩/૨ વાળી ખેતીની જમીનમાં કબજેદાર તથા માલીકી હકકે અમો વાદીઓના પિતાશ્રીઓ (૧) કુલાભાઈ રણછોડ ભાઈ બારીઆ (૨) હરીભાઈ રણછોડભાઈ બારીઆ (૩) અભેસીંગ રણછોડભાઈ બારીઆ (૪) ભાથીભાઈ રણછોડભાઈ બારીઆ તથા (૫) હિરાભાઈ રણછોડભાઈ નાઓના નામ ધીરાભાઈ રણછોડભાઈ બારીઆના વારસદારોના નામો સાથે કબજે દાર તથા માલીકી હકકે દાખલ કરવા માટેનો વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરુધ્ધ હુકમ કરવા અરજ છે. (બ) આ કામના પ્રતિવાદી નં.૧ થી ૧૪ નાઓ જાતે કે તેઓના નોકરો, એજન્ટો, મળતીયાઓ અમો વાદીઓ અમારા પિતાશ્રીના વારસ દારો તરીકે ખેતીકામ કરીએ તેમાં રૂકાવટ, અંતરાય કે હેલ્લો, હરકત કરે કરાવે નહિં તેવો જાથુનો મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરુધ્ધ તથા વાદીઓના લાભમાં ફરમાવશોજી. (ક) આ દાવાનુ તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવશોજી. (ડ) તેમજ ન્યાયના હિતમાં બીજી યોગ્ય અને ન્યાયી લાગે તેવી દાદ અપાવશોજી.

**(૨)** આ કામે સદરહુ દાવો દાખલ થતા આ કામના પ્રતિવાદીઓ તરફેની ધારા ધોરણસરની નોટીસની બજવણી થતા પ્રતિવાદીઓ તેમના વિ.વકીલશ્રી મારફત હાજર થયેલ છે, અને તેઓએ આંક: ૨૦ થી વાદીઓની દાવા અરજીનો લેખિત જવાબ આપેલો છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, વાદીએ હાલના દાવાને આંક પણ ખોટો બાંધેલ હોય તેમજ દાવાની તમામ હકીકતો ઉપજાવી કાઢેલ હોય હાલનો દાવો

તદ્દન ખોટો હોય રદ્દ થવાને પાત્ર છે. વાદીના દાવાને પક્ષકારોનો બાધ નડે છે. વાદીનો દાવો ખર્ચ સહિત હાલનો દાવો રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે. વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય વાદીનો દાવો ખર્ચ સહિત રદ્દ થવાનેપાત્ર છે. સદરહું દાવો રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે. વાદીના દાવાના પેરા નં.૨ ની હકીકત તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ છે જે અમોને કબુલ મંજુર નથી.

**(૨.૧)** અમો સામાવાળાના દાદા/પિતા ધીરાભાઈ રણછોડભાઈના નામે ગુજરાત સરકારના સબ રજીસ્ટર નોંધણી નં.૧૪૪/તા.૦૭/૦૨/૧૯૫૩ ના રોજ વેચાણ હકકથી પ્રાપ્ત થયેલી જમીન છે. જે વેચાણની ગામના નમુના નં.૬ હકક પત્રકમાં નોંધ નં.૧૪૪ તા.૭-૨-૫૩ વેચાણ. ધીરાભાઈ રણછોડભાઈએ રૂા.૩,૫૦૦/- અંકે રૂપિયા પાંત્રીસો પુરા ૨-૬-તા.૫-૨-૫૨ થી આપનાર વ્હોરા કીકાભાઈ બદરૂદ્દિન તથા અબ્દુલ હુસેન બદરૂદ્દિન, નોમનભાઈ બદરૂદ્દિન તથા હાજરાબાઈ વહોરા બદરૂદ્દિન ઈસમાઈલની દીકરી પાસેથી વેચાણ રાખવાથી ઉતારા નીચે તાલુકા હુ.નં.R.T.S.W.S.૬૮ તા.૩૦-૧-૫૩ થી નોંધ કરી. જેથી આ દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે. સદરહુ નોંધ મંજુર થયેલ છે. ત્યારથી આજદિન સુધીનો સમય જોતા આજદિન સુધી (૭૧) ઈકોતેર વર્ષ જેટલો લાંબો સમય થયેલ છે. જેથી પુરાવા અધિનિયમની કલમ-૯૦ માં જોગવાઈ મુજબ હાલનો દાવો રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે. સદરહુ જમીનમાં તા. તા.૨૮/૧/૯૪ ના રોજ નોંધ નં.૧૬૭૫ થી વારસાઈ હકકથી નામો દાખલની નોંધ છે. સદરહુ જમીન બાબતે નોંધ નં.૧૬૭૫ તા.૨૮/૧/૯૪ વારસાઈ હકકે નોંધ કોલમ નં.૩ માં જણાવેલ સ.નં.ની જમીન હાલ ધીરાભાઈ રણછોડભાઈના ખાતે ચાલે છે. તેઓ છ વર્ષ અગાઉ ગુજરી ગયેલ છે. તેમના વારસમાં જણાવ્યા પ્રમાણે (૧) બાધરસિંહ કલાભાઈ (૨) રતનસિંહ કલાભાઈ (૩) પર્વતભાઈ અમીદભાઈ (૪) જુવાનસિંહ

અમીદભાઈ (૫) ભૂપતસિંહ અમીદભાઈ (૬) વિધવા રજલીબેન અમીદભાઈ (૭) રમણભાઈ નાથાભાઈ (૧૦) સગીર દિનુભાઈ નાથાભાઈ (૧૧)વિધવા મંગલીબેન નાથાભાઈ (૧૨) જમનાબેન ધીરાભાઈ (૧૩) મણીબેન ધીરાભાઈના નામો દાખલ કરવા સારૂ અરજી આપવાથી જવાબ પંચકયાસથી નોંધ કરી. સદરહું નોંધ મંજુર થયેલ છે. ત્યારથી આજદિન સુધીનો સમય જોતા આજદિન સુધી (૩૦) ત્રીસ વર્ષ જેટલો લાંબો સમય થયેલ છે. જેથી પુરાવા અધિનિયમની કલમ–૯૦ માં જોગવાઈ મુજબ હાલનો દાવો રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે. આ જમીનમાં ધીરાભાઈ રણછોડભાઈના મરણ પછી છ વર્ષે વારસાઈ કરેલ છે ત્યાં સુધી અન્ય ઈસમોના હકક બાબતે કોઈપણ ઈસમે તકરાર કરેલ નથી કે આજદિન સુધી સદરહું નોંધને ચેલેન્જ કરેલ નથી. જે નામદાર કોર્ટને જાહેર કરીએ છીએ. જેથી હાલનો દાવો રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે. આ જમીન ધીરાભાઈ રણછોડભાઈ સિવાય કોઈના નામનો કોઈ હુકમ નથી કે રેવન્યુ રેકર્ડ પણ આ કામે અરજદારોએ રજુ કરેલ નથી કે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીનુ પેઢીનામુ રજુ નથી. આમ, અમો સામાવાળા તરફે રેવન્યુ રેકર્ડ પુરાવા હોઈ અરજદારની ખોટી અરજી/દાવો કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ ખર્ચ સહિત રદ્દ કરવા અરજ છે. હાલના કામે જે વાદીઓ છે તે સિવાયના બીજા પક્ષકારોને આ દાવામાં પક્ષકારો તરીકે જોડેલા નથી. જેથી હાલના દાવામાં પક્ષકારોની ખામીનો બાધ નડે છે. તેમજ આ કામે સામેલ પ્રતિવાદી નં.૭ રજલીબેન અમીદભાઈનુ મરણ થયેલ છે. જેથી હાલનો દાવો રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે.અમો સામાવાળાને ખોટી રીતે હેરાન પરેશાન કરવા આ દાવો દાખલ કરેલ હોઈ સ્પે. કોસ્ટ અપાવવા નામદાર કોર્ટને અરજ છે.

**(૩) આ કામે વાદીઓ તરફથી નીચેની વિગતે મૌખિક તથા લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.**

## :: મૌખિક પુરાવો ::

| | |
|---|---|
| આંક-૪૨ | વાદી ગોપાળભાઈ કુલાભાઈ બારીઆની લેખિત જુબાની. |
| આંક-૪૬ | વાદી તરફે સાહેદ ભલાભાઈ બીજલભાઈ બારીઆની સોગંદ ઉપર જુબાની. |
| આંક-૪૮ | વાદી તરફે સાહેદ માધુભાઈ મનજીભાઈ માનસિંહભાઈ બારીઆની સોગંદ ઉપર જુબાની. |
| આંક-૪૯ | વાદી તરફે સાહેદ સાનતભાઈ લક્ષ્મણભાઈ કાનજીભાઈ બારીઆની સોગંદ ઉપર જુબાની. |

## :: દસ્તાવેજી પુરાવો ::

| | |
|---|---|
| આંક-૩૦ | મોજે. વાઘજીપુર, તા. શહેરાની નોંધ નં.૧૪૪ ની સર્ટીફાઈડ નકલ. તા.૧૮/૯/૨૦૨૫ |
| આંક-૩૧ | નોંધ નંબર.૧૬૭૫ ની સર્ટીફાઈડ નકલ.૧૮/૯/૨૦૨૫ |
| આંક-૩૨ | ખાતા નંબર.૨૭૪ ની ૮ અ, ની સર્ટીફાઈડ નકલ. તા.૧૮/૯/૨૫ |
| આંક-૩૩ | રે.સ.નં.૨૯૩/૨ ની ગામ નમુના નં.૭ ની સર્ટીફાઈડ નકલ. તા.૧૮/૯/૨૦૨૫ |
| આંક-૩૪ | રે.સ.નં.૨૯૩/૨ ની ગામ નમુના નં.૧૨ ની સર્ટીફાઈડ નકલ. તા.૧૭/૦૬/૨૦૨૨ |
| આંક-૩૫ | રે.મુ.નં.૬/૧૦ માં કરેલ કોર્ટ કમીશ્નર ધ્વારાનુ પંચનામુ સર્ટીફાઈડ. તા.૨૬/૬/૧૦ |
| આંક-૩૬ | રે.મુ.નં.૬/૧૦ માં કરેલ નકશાની સર્ટીફાઈડ નકલ. તા.૨૬/૬/૧૦ |
| આંક-૩૭ | રે.મુ.નં.૬/૧૦ માં પ્રતિવાદી પર્વત આમીદની જુબાની તથા ઉલટ તપાસની સર્ટીફાઈડ નકલ. તા.૨૧/૬/૧૨ |
| આંક-૩૮ | રે.મુ.નં.૬/૧૦ માં પ્રતિવાદી બુનીબેન રણછોડની જુબાની તથા ઉલટ તપાસની સર્ટીફાઈડ નકલ. તા.૭/૭/૧૨ |
| આંક-૩૯ | રે.મુ.નં.૬/૧૦ માં આંક-૫ માં આપેલ ચુકાદાની સર્ટીફાઈડ નકલ. તા.૭/૯/૨૦૧૦ |
| આંક-૪૦ | રે.મુ.નં.૬/૧૦ માં આપેલ આખરી ચુકાદાની સર્ટીફાઈડ નકલ. તા.૧૭/૫/૧૯ |

| | |
|---|---|
| આંક–૪૧ | નોંધ નંબર.૩૯૮૬ની સર્ટીફાઈડ નકલ. તા.૧૯/૮/૨૦૨૫ |
| આંક–૫૧ | વાદીનુ પુરાવા બંધનુ પુરશીસ. |

**આ કામે પ્રતિવાદીઓ તરફથી કોઈ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી.**

**(૪) આ કામે પ્રતિવાદીઓ તરફથી નીચેની વિગતે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.**

**:: દસ્તાવેજી પુરાવો ::**

| | |
|---|---|
| આંક–૫૩ | પ્રતિવાદી તરફે લેખિત દલીલો. |
| આંક–૫૬ | ગામનો નમુનો નં.૭/૧૨ ની નકલ. |
| આંક–૫૭ | ગામનો નમુનો નં.૬ હકક પત્રક. |
| આંક–૫૮ | વેચાણ દસ્તાવેજ પે.નં.૩ થી ૩/૨ |
| આંક–૫૯ | ગામ નમુનો નં.૭, ૭ અ, અને ૧૨ |
| આંક–૬૦ | ગામ નમુના નં.૭ અને ૧૨ |
| આંક–૬૧ | ગામ નમુના નં.૭ અને ૧૨ તા.૨૭/૧/૨૦૧૦ |
| આંક–૬૨ | ગામ નમુના નં.૮ અ, જમીન ખાતાવહી. તા.૨૭/૧/૨૦૧૦ |
| આંક–૬૩ | હકક પત્રક નોંધ નં.૧૪૪ |
| આંક–૬૪ | મણીબેન ધીરાના મહેસુલ ભર્યાની પહોંચો. તા.૨૭/૪/૯૮ |
| આંક–૬૫ | '' મહેસુલ ભર્યાની પહોંચો. તા.૧૧/૧૨/૦૪ |
| આંક–૬૬ | ધીરા રણછોડની મહેસુલ ભર્યાની પહોંચો. તા.૨૦/૧૨/૮૨ |
| આંક–૬૭ | ગામ નમુના નં.૭ અને ૮ અ, ની નકલ. |
| આંક–૬૮ | ગામ નમુના નં.૮ અ, ની નકલ ખાતા નંબર.૨૭૪ |
| આંક–૬૯ | ગામ નમુના નં.૭ ની નકલ ખાતા નં.૧૮૦ |
| આંક–૭૦ | ગામ નમુનો નં.૧૨ ની નકલ. |
| આંક–૭૧ | ગામ નમુના નં.૭ ની નકલ. |
| આંક–૭૨ | ગામ નમુના નં.૭ ની નકલ. |
| આંક–૭૩ | ગામ નમુના નં.૭/૧૨ ની નકલ. |

**(૫) આ કામે દાવાના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા આંક: ૨૬ થી ઘડેલ છે.**

**૧.** શું વાદી પુરવાર કરે છે કે, સદર મીલકતમાં વારસદારોના નામો સાથે કબજેદાર તથા માલીકી હકકે દાખલ કરવા હકકદાર છે કે કેમ ?

**૨.** શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને પક્ષકારનો બાધ નડે છે કે કેમ ?

**૩.** શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

**૪.** શું હુકમ અને હુકમનામુ ?

**(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

**૧.** હકારમાં.

**૨.** નકારમાં.

**૩.** હકારમાં.

**૪.** આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

ઉપરોકત મુદ્દાઓ એકબીજાથી સંકળાયેલ હોય, જેથી પુરાવાનુ પુનરાવર્તન ફરીથી ન થાય તે હેતુથી તમામ મુદ્દાઓની સંયુકત ચર્ચા હાથ ધરવામાં આવેલ છે.

**(૭)** આ કામે વાદીઓના વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરેલ છે કે, વાદીઓએ ડેકલેરેશન તથા જાથુના મનાઈ હુકમની દાદ માંગતો દાવો નામદાર કોર્ટમાં કરેલ છે. મોજે ગામ. વાઘજીપુર, તા. શહેરાની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નંબર.૨૯૩/૨ વાળી ખેતીની જમીનમાં કબજેદાર તથા માલીકી હકકે અમો વાદીઓના પિતાશ્રીઓ (૧) કુલાભાઈ રણછોડભાઈ બારીઆ (૨) હરીભાઈ રણછોડભાઈ બારીઆ (૩)

અભેસીંગ રણછોડભાઈ બારીઆ (૪) ભાથીભાઈ રણછોડભાઈ બારીઆ તથા (૫) હિરાભાઈ રણછોડભાઈ નાઓના નામ ધીરાભાઈ રણછોડભાઈ બારીઆના વારસદારોના નામો સાથે કબજેદાર તથા માલીકી હકકે દાખલ કરવા માટેનો વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરુધ્ધ હુકમ કરવા અરજ છે. આ કામના પ્રતિવાદી નં.૧ થી ૧૪ નાઓ જાતે કે તેઓના નોકરો, એજન્ટો, મળતીયાઓ અમો વાદીઓ અમારા પિતાશ્રીના વારસદારો તરીકે ખેતીકામ કરીએ તેમાં રૂકાવટ, અંતરાય કે હેલ્લો, હરકત કરે કરાવે નહિં તેવો હુકમ પ્રતિવાદીઓ વિરુધ્ધ તથા વાદીઓના લાભમાં દાવો મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૮) આ કામે આંક–૫૩ થી પ્રતિવાદીઓના વિ.વ.શ્રીએ લેખિત દલીલો કરેલ છે કે, વાદીઓનો દાવો ઉપજાવી કાઢેલ અને તદ્દન ખોટો હોય હાલનો દાવો રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે. વાદીઓના દાવાને પક્ષકારોનો બાધ નડે છે. વાદીઓનો દાવો ખર્ચ સહિત રદ્દ કરવા તેમજ માંગ્યા મુજબની કોઈ દાદ આપવા પાત્ર નથી. જેથી હાલનો દાવો રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે. સામાવાળાઓ તરફે સચોટ રજુઆત છે કે, અમો સામાવાળાના દાદા ધીરાભાઈ રણછોડભાઈએ પોતેજ સ્વતંત્ર હકકે ગુજરાત સરકારના સબ રજીસ્ટ્રાર નોંધણી નં.૧૪૪/તારીખ. ૦૭/૦૨/૧૯૫૩ ના રોજ વેચાણ દસ્તાવેજ કરેલ છે. જેમાં જમીનના ચાર દિશાના ખૂંટની વિગતમાં પૂર્વે દલસુખ હેમાની જમીન છે. પશ્ચિમે તમારી જમીન છે. ઉત્તરે ધૂળા કડવાની જમીન છે. દક્ષિણે અભા માનસીંગની જમીન છે, જે વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ હકકથી પ્રાપ્ત થયેલી જમીન છે. વેચાણ આપનાર વ્હોરા કીકાભાઈ બદરૂદ્દીન અને અબ્દુલ હુસેન બદરૂદ્દીન, નોમભાઈ બદરૂદ્દીન તથા હાજરાબાઈ વ્હોરા બદરૂદ્દીન ઈસ્માઈલની દિકરી પાસેથી વેચાણ રાખવાથી જે વેચાણની ગામના નમુના નં.૬ હકક પત્રકમાં નોંધ નં.૧૪૪ તા.૭/૨/૫૩

વેચાણ નોંધ મંજુર થયેલ છે. ધીરાભાઈ રણછોડભાઈએ રૂા.૩૫૦૦/–અંકે રૂપિયા પાંત્રીસો પુરા, ૨–૬–તા.૫–૨–૫૨ થી આપનાર વ્હોરા કીકાભાઈ બદ્રૂદ્દિન તથા અબ્દુલ હુસેન બદરૂદ્દીન, નોમનભાઈ બદરૂદ્દીન તથા હાજરાબાઈ વ્હોરા બદરૂદ્દીન,ઈસ્માઈલની દિકરી પાસેથી વેચાણ રાખવાથી ઉતારા નીચે તાલુકા હુ.નં. આર.ટી.એસ.ડબ્લ્યુ.૬૮ તા.૩૦/૧/૫૩ થી નોંધ કરી. જેથી આ દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે. સદરહુ નોંધ મંજુર થયેલ છે ત્યારથી આજદિન સુધીનો સમય જોતા આજદિન સુધી ઈકોતેર વર્ષ જેટલો લાંબો સમય ગયેલ છે. જેથી પુરાવા અધિનિયમની કલમ–૯૦ માં જોગવાઈ મુજબ હાલનો દાવો રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે. સદરહુ જમીનમાં તા.૨૮/૧/૯૪ ના રોજ નોંધ નં.૧૬૭૫ થી વારસાઈ હકકથી નામો દાખલની નોંધ છે. સદરહુ જમીન બાબતે નોંધ નં.૧૬૭૫ તા.૨૮/૧/૯૪ વારસાઈ હકકે નોંધ કોલમ નં.૩ માં જણાવેલ સ.નં.ની જમીન હાલ ધીરાભાઈ રણછોડભાઈના ખાતે ચાલે છે તેઓ છ વર્ષ અગાઉ ગુજરી ગયેલ છે. તેમના વારસમાં જણાવ્યા પ્રમાણે (૧) બાધરસિંહ કલાભાઈ (૨) રતનસિંહ કલાભાઈ (૩) પર્વતભાઈ અમીદભાઈ (૪) જુવાનસિંહ અમીદભાઈ (૫) ભુપત સિંહ અમીદભાઈ (૬) વિધવા રજલીબેન અમીદભાઈ (૭) રમણભાઈ નાથાભાઈ (૮) સગીર દિનુભાઈ નાથાભાઈ (૯) વિધવા મંગલીબેન નાથાભાઈ (૧૦) જમનાબેન ધીરાભાઈ (૧૧) મણીબેન ધીરાભાઈના નામો દાખલ કરવા રૂબરૂ અરજી આપવાથી જવાબ પંચકયાસથી નોંધ કરી. સદરહુ નોંધ મંજુર થયેલ છે. ત્યારથી આજદિન સુધીનો સમય જોતા આજદિન સુધી ત્રીસ વર્ષ જેટલો લાંબો સમય થયેલ છે. જેથી પુરાવા અધિનિયમની કલમ–૯૦ માં જોગવાઈ મુજબ હાલનો દાવો રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે. અમો સામાવાળા તરફે રેવન્યુ રેકર્ડ આધારિત સચોટ પુરાવા હોઈ અરજદારની ખોટી અરજી/દાવો કુદરતી ન્યાયના

સિધ્ધાંત મુજબ ખર્ચ સહિત રદ્દ કરવા નામદાર કોર્ટને અરજ છે. હાલના કામે જે વાદીઓ છે તે સિવાયના બીજા પક્ષકારોને આ દાવામાં પક્ષકારો તરીકે જોડેલા નથી જેથી હાલના દાવામાં પક્ષકારોની ખામીનો બાધ નડે છે. તેમજ આ કામે સામેલ પ્રતિવાદી નં.૭રજલીબેન અમીદભાઈનુ મરણ થયેલ છે,જે બાબત વાદીએ પોતાની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે. જ્યારે હાલના કામે તેઓ પ્રતિવાદી તરફેના રજલીબેનના વારસોને હાલના કામે તેઓનો હકક, હિસ્સો હોવા છતા પક્ષકાર તરીકે જોડેલ નથી. જેથી પણ વાદીના દાવાને પક્ષકારને ખામીનો બાધ નડે છે.

સદર કામે વાદી પોતે દાવા અરજી તથા સોગંદનામા દાવાવાળી જમીનનો કબજો જેતે સમયે તેનો કબજો ભોગવટો વાદી પાસે નથી. વાદી પોતે કબુલ રાખે છે કે, તેઓ વાદગ્રસ્ત મિલકતના કબજામાં નથી. સદર કામે વાદી ઉલટ તપાસમાં પણ એ હકીકત સ્વીકારે છે.

ઉપરોકત મુજબની જમીન આવેલ હોવા છતા આ કામે વાદીઓએ નામદાર કોર્ટમાં રેવન્યુ રેકર્ડ રજુ નહીં કરી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા ખોટો દાવો દાખલ કરેલ છે. જેથી વાદીઓ સામે સ્પે. કોસ્ટ વસુલવા નામદાર કોર્ટને અરજ છે. અમો સામાવાળાને ખોટી રીતે હેરાન પરેશાન કરવા આ દાવો દાખલ કરેલ હોઈ સ્પે. કોસ્ટ અપાવવા નામદાર કોર્ટને અરજ છે.

(૯) સદરહુ મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય સદરહુ મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે. આ મુદ્દા પરત્વે બંને પક્ષકારો તરફે રજુ થયેલા દસ્તાવેજી અને મૌખિક પુરાવો ધ્યાને લેતા, સદર મુદ્દાઓ સાબીત કરવાનો બોજો વાદીઓ ઉપર રહેલો છે.વાદીઓએ પોતાના દાવાની હકીકતો સાબિત કરવા જે પણ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે, તે સમગ્ર પુરાવાનુ પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરવામાં આવે તો, આંક–૪૨ થી વાદી ગોપાળભાઈ કુલાભાઈ બારીઆની

લેખિત જુબાની રજુ રાખેલ છે. તેમણે પોતાની જુબાનીમાં દાવા અરજીમાં જણાવેલ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે.

સદરહુ કામે પ્રતિવાદીઓ તરફે વાદીની ઉલટ તપાસ કરતા તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે,અમે વાઘજીપુર ગામના કાયમી વતની છીએ. એ વાત ખરી છે કે, વાઘજીપુર ગામે પચ્ચીસથી ત્રીસ હજારની વસ્તી છે.એ વાત ખરી છે કે, ૮૦ વર્ષથી ઉપરના ૫૦ થી ૬૦ ઈસમો જીવીત છે. એ વાત ખરી છે કે, વાઘજીપુર ગામે બજાર આવેલુ છે. એ વાત ખરી છે કે, આ બજારમાં આજુબાજુના ગામમાંથી ઈસમો આવે છે. એ વાત ખરી છે કે, ગ્રામપંચાયતની ઓફીસ વાઘજીપુર ગામમાં આવેલી છે.ગ્રામ પંચાયત ઓફીસમાં તલાટી કમ મંત્રી સાહેબ આવે છે. એ વાત ખરી છે કે, આ ગામમાં પોલીસ ચોકી પણ આવેલી છે. એ વાત ખરી છે કે, અમારી તકરારી જમીનનો દસ્તાવેજ કઈ તારીખે કરેલો તે હુ ચોકકસ ના કહી શકુ. એ વાત ખરી છે કે મારા પિતા કુલાભાઈ કયારે ગુજરી ગયા તે હુ ચોકકસ કહી શકુ છુ અને તે બાબતે મરણનો દાખલો આ કામમાં રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, આ દસ્તાવેજ કરવામાં આવ્યો તેમાં ચારખુંટ હુ ચોકકસ કહી શકુ. ઉત્તરમાં પ્રતાપભાઈ લક્ષ્મણભાઈ અને દક્ષીણમાં લક્ષ્મણભાઈ કાનજીભાઈની જમીન આવેલી છે, અને પુર્વમાં બાઘરભાઈ તીતાભાઈની જમીન આવેલી છે અને પશ્ચીમમાં મનજીભાઈ માનસીંગભાઈની જમીન આવેલી છે. એ વાત ખરી છે કે, તકરારી જમીન દશ એકર છે. એ વાત ખરી છે કે, વેચાણ દસ્તાવેજ નંબર.૧૪૪ દાખલ થયેલ છે. એ વાતની મને ખબર નથી કે એ નોંધમાં તાલુકા હુકમ નંબર આર.ટી.એસ.ડબલ્યુ.એસ.૬૮ તા.૩૦/૧/૫૩ થી દાખલ થયેલ છે. એ વાત ખરી છે કે, ધીરાભાઈ રણછોડભાઈ કયારે ગુજરી ગયા તે હુ ચોકકસ ના કહી શકુ. એ વાત ખરી છે કે, આ વારસાઈને ત્રીસ વર્ષ ઉપરનો સમય થયેલ છે. નામદાર સીવીલ કોર્ટમાં દાવો દાખલ કરેલ તેનો નંબર મને હાલ

યાદ નથી. એ વાતની મને ખબર છે કે, આર.સી.એસ.૦૬/૨૦૧૦ ના કામે કોર્ટ કમીશ્નર ધ્વારા નકશો બનાવેલ છે તેની મને ખબર છે. એ વાત ખરી છે કે, નકશો બનાવ્યો તે સમયે અમે હાજર હતા. એ નકશામા પંચ તરીકે ભલાભાઈ બીજલભાઈ અને ફતેસીંહ રતનસીંહ હતા. એ વાત ખરી છે કે, પંચે જયારે આ નકશામાં સહી કરી ત્યારે ભલાભાઈ બીજલભાઈએ નકશામાં વાંધો લીધેલો. એ વાત ખરી છે કે, રે.મુ. નં.૦૬/૨૦૧૦ પર્વતભાઈ હમીદભાઈ, જુવાનસીંહ હમીદ તથા ભુપતભાઈ હમીદ અને શાન્તાબેન હમીદ પ્રતિવાદી હતા. એ વાત ખરી છે કે, એ દાવામાં ગોકળભાઈ, વાલસીંગભાઈ હીરાભાઈ, અર્જુન હરી, કાન્તી અભેસીંહ, ભારતભાઈ કુલાભાઈ પ્રતિવાદી તરીકે હતા. એ વાત ખરી છે કે, હાલના દાવામાં કાન્તીભાઈ અભેસિંહને પક્ષકાર તરીકે જોડેલા નથી. એ વાત ખરી છે કે, અમે હાલના દાવામાં ભારતભાઈ કુલાભાઈને પક્ષકાર તરીકે જોડેલા છે. એ વાત ખરી છે કે, આ કામમાં પ્રતિવાદી નં. ૭ રજલીબેન તે હમીદભાઈની વિધવા ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે, રજલી બેન આ દાવો દાખલ કર્યા પહેલા ગુજરી ગયેલ હતા. એ વાત ખરી છે કે, અમે ધમકી આપી હોય એવી ફરીયાદ આ કામમાં રજુ કરેલ નથી. આ દાવામાં અમે જે દાદ માંગી છે તેમાં પક્ષકારોના નામ લખેલા છે તે હુ કહી શકુ છુ. જે નામો પૈકી અભેસીંહભાઈ રણછોડભાઈ, કુલાભાઈ રણછોડભાઈ, હરીભાઈ રણછોડભાઈ, ભાથીભાઈ રણછોડભાઈ, હીરાભાઈ રણછોડભાઈ, મોટાભાઈ હીરાભાઈ રણછોડભાઈ છે . આ ઈસમોના મરણના દાખલા આ કામે રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે, આ વારસાઈ થઈ તેની અમને કોઈ ખબર નથી. એ બાબતે અમે પંચ ભેગુ કરેલુ પરંતુ આ કામે અમોએ પુરાવો રજુ કરેલ નથી.

**(૧૦)** ત્યારબાદ આ કામે આંક–૪૬ થી વાદી તરફે સાહેદ નં.૧ ભલાભાઈ બીજલભાઈ બારીઆની સોગંદ ઉપર જુબાની રજુ રાખેલ છે. તેમણે પોતાની

જુબાનીમાં દાવા અરજીમાં જણાવેલ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે.

સદરહુ કામે સાહેદ નામદાર કોર્ટમાં હાજર રહેતા નથી. અને તેનાથી કામ વિલંબમાં પડેલ હોય તેથી સદર અરજી (વાદી નં.૧) સાહેદનુ સોગંદનામુ ડિસ્કાર્ડ કરવામાં આવે છે.

**(૧૧)** ત્યારબાદ આ કામે આંક-૪૮ થી વાદી તરફે સાહેદ માધુભાઈ મનજીભાઈ માનસિંહભાઈ બારીઆની સોગંદ ઉપર જુબાની રજુ રાખેલ છે. તેમણે પોતાની જુબાનીમાં દાવા અરજીમાં જણાવેલ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે.

સદરહુ કામે પ્રતિવાદીઓ તરફે વાદીની ઉલટ તપાસ કરતા તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે, ગોપાલભાઈ મારા ભાઈ થાય છે. એ વાત ખરી છે કે, વાદીના સાહેદના સોગંદનામામાં જમીનનો સર્વે નંબર લખાવેલ નથી. એ વાત ખરી છે કે, આ દાવાવાળી જમીનમાં અર્જુનભાઈ હરીભાઈ અને ભારતભાઈ ભાથીભાઈના રહેણાંકના મકાનો આવેલા છે જેની ઘરવેરાની પહોંચ કે આકારણી રજુ કરેલી નથી. એ વાત ખરી નથી કે, સરતપાસનુ સોગંદનામુ વાદીના વિ.વ.શ્રીએ તૈયાર કરેલ અને તેમાં ફકત મેં સહી કરેલી તેમજ તેના અંદરની વિગત વાંચેલી નહીં.

**(૧૨)** ત્યારબાદ આ કામે આંક-૪૯ થી વાદી તરફે સાહેદ સાનતભાઈ લક્ષ્મણ ભાઈ કાનજીભાઈ બારીઆની સોગંદ ઉપર જુબાની રજુ રાખેલ છે. તેમણે પોતાની જુબાનીમાં દાવા અરજીમાં જણાવેલ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે.

સદરહુ કામે પ્રતિવાદીઓ તરફે વાદીની ઉલટ તપાસ કરતા તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે, હુ વાઘજીપુર ગામનો કાયમી વતની છુ. એ વાત ખરી છે કે, વાઘજીપુર ગામમાં ગ્રામ પંચાયતની ઓફીસ આવેલી છે. એ વાત ખરી છે કે, પંચાયતમાં તલાટી સાહેબ રેગ્યુલર આવે છે. એ વાત ખરી છે કે, મરણના દાખલા કે પેઢીનામાની જરુર હોય તો તાત્કાલિક મળી જાય છે. એ વાત ખરી છે કે, આ દાવામાં

કઈ બાબતની તકરાર છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, અરજદારોને આ જમીન સિવાય તેમના બાપ–દાદાની બીજી પણ જમીન છે. એ વાત ખરી છે કે, સોગંદનામાની હકીકત મને ખબર છે. એ વાત ખરી છે કે, આ તકરારી સર્વે નંબરની જમીન અમારી જમીનથી ઉત્તર દિશાએ આવેલી છે. એ વાત હુ જાણુ છુ કે, આ દાવામાં કેટલા પક્ષકાર છે તે હુ જાણુ છુ.હરીભાઈ રણછોડભાઈ,હાથીભાઈ રણછોડ ભાઈ, કુલાભાઈ રણછોડભાઈ, હીરાભાઈ રણછોડભાઈ, અભેસીંગભાઈ રણછોડ ભાઈ, ધીરાભાઈ રણછોડભાઈ છે. એ વાત ખરી છે કે, આ જમીન ઉપર હિસ્સા પાડેલા છે તે પ્રમાણે ખેતી કરે છે. એ વાત ખરી છે કે, આ સિવાય બીજી કોઈ તકરાર નથી.

(૧૩) <u>પુરાવાનુ મુલ્યાંકન ::–</u>

આ કામે વાદીઓ અને પ્રતિવાદીઓને ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓનુ મુલ્યાંકન કરતા આ કામે વાદીની આંક–૧ ની દાવા અરજી તેમજ તેના સંલગ્ન દસ્તાવેજી પુરાવા તેમજ પ્રતિવાદીઓનો આંક–૨૦ નો જવાબ અને વાદીની સરતપાસ અને ઉલટ તપાસનુ સોગંદનામુ ધ્યાને લેતા, આંક–૩૦ થી નોંધ નં. ૧૪૪ ધીરાભાઈ રણછોડભાઈ નાઓએ સને.૧૯૫૩ માં વેચાણની નોંધ છે. ધીરાભાઈ રણછોડભાઈ વાદીના કાકા થાય છે. ધીરાભાઈ રણછોડભાઈ કુલ છ ભાઈઓ હતા અને છ ભાઈઓએ ભેગા થઈને આ જમીન રાખી હતી. જેથી આ કામે વાદીઓએ હાલનો દાવો નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. વધુમાં આ કામે આંક–૩૧ થી નોંધ નં.૧૬૭૫ થી ધીરાભાઈ રણછોડભાઈ ગુજરી જતા તેમના વારસોની સર્વે નંબર.૨૯૩ માં નોંધ કરી. આંક–૩૨ થી સર્વે નંબર.૨૯૩ ની જમીન છે તેમાં પ્રતિવાદીઓના વારસોના નામ છે. આંક–૩૩ થી નં.૭ ની ખરી નકલ પ્રતિવાદીઓના વારસોના નામ છે. આંક–૩૬ માં જે નકશો છે તેમાં પાર્ટ

પાડેલ છે તેમાં દરેક ભાઈઓ પોત પોતાના હિસ્સામાં ખેતી કરે છે. સને.૧૯૫૨ થી વાદીઓનો અવિરત હિસ્સો ચાલતો આવેલ છે. આ જમીનમાં ખેતી હાલ છ ભાઈઓના વારસો કરે છે અને પાકની વહેંચણી છ ભાગે થાય છે, તેમાં વાદી નાઓના બે મકાન પણ આવેલ છે. વાદીઓ જયારથી જમીન રાખી ત્યારથી ખેતી કરે છે. આ કામે આંક–૩૪ થી જે ગામના નમુના નં.૧૨ નો ઉતારો છે જે રેવન્યુ રેકર્ડથી નામદાર કોર્ટમાં રજુ કરેલ છે. જેમાં હાલના ખાતેદારોના નામ છે તેવુ જણાઈ આવે છે. આ કામે આંક–૧૬ થી પંચનામુ અને આંક–૧૭ થી નકશો ધ્યાને લેતા દાવાવાળી જમીનનુ સ્થળ સ્થિતિનુ વર્ણન કરતો દસ્તાવેજ જેમાં દરેક ભાઈઓને પોત પોતાના હિસ્સામાં ખેતી કરે છે. આ કામે સામાવાળાના દસ્તાવેજો ધ્યાને લેતા ગામ નમુનો નં.૭/૧૨ સ.નં.૧૦૩/૨, ગામ નમુનો નં.૭/૧૨ તેમાં મણીબેનનુ નામ જણાઈ આવે છે. જે અલગ સર્વે નંબરની છે તે સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

આ કામે વાદીનુ સરતપાસનુ સોગંદનામુ તેમજ ઉલટ તપાસ ધ્યાને લેતા ઉલટ તપાસમાં વાદી સ્પષ્ટ રીતે સ્વીકાર કરે છે કે, ધીરાભાઈ રણછોડભાઈ ગુજરી ગયેલ અને તેની વારસાઈ થયેલ તેની ખબર નથી. તેમજ આ કામે દાવામાં જે દાદ માંગેલ છે તેમાં પક્ષકારોના નામ લખેલા નથી. આમ, આ કામે વાદીઓ જે હિસ્સાની માંગણી કરે છે તે હિસ્સો અવિરતપણે ચાલતો આવેલ છે તેવુ રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે. આ કામે પ્રતિવાદીઓએ પોતાનો પુરાવો નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી. જેથી આ કામે ઉપસ્થિત સંજોગો ઉભા થતા વાદીઓનો માલીકી હકક અને કબજો જણાઈ આવે છે તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે.

આમ, ઉપરોકત હકીકત અને સંજોગો ધ્યાને લેતા, વાદીઓની દાવા અરજીને સ્પષ્ટપણે સમર્થન મળે છે. વાદીઓ પોતાના દાવામાં માંગ્યા મુજબની

દાદ મેળવવા હકકદાર થયેલા હોય, મુદ્દા નં.૧, ૩ હકારમાં આપવામાં આવે છે. તેમજ મુદ્દા નં.ર નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

-- વાદીઓનો હાલનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.

-- આથી આ કામે વાદીઓનો હિત, હિસ્સો કબજેદાર તથા માલીકી હકકે પાડી આપવો.

વધુમાં આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકરો,એજન્ટો,મળતીયાઓ કે વાદીઓના પિતાશ્રીના વારસદારો તરીકે ખેતીકામ કરી તેમાં રૂકાવટ-અંતરાય કે હેલ્લો, હરકત કરે કરાવે નહિં તેવુ ઠરાવવામાં આવે છે.

-- વાદીઓને આ કામમાં થયેલ ખર્ચ પ્રતિવાદીઓએ ચુકવવો અને પ્રતિવાદીઓને થયેલ ખર્ચ જાતે ભોગવવો.

--હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજરોજ તારીખ.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:- શહેરા.
તારીખ.૩૦/૦૪/૨૦૨૬

**(આરઝુ રમણલાલ તાપીયાવાલા)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, શહેરા.
**જજ કોડ:-જીજે૦૦૭૩૩**